હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

નાનપણમાં દોટીયુ પોપટીયુ શીખવા પૈસા ભરીને કલાસ નતી કરતી તોય હું ગરબામાં ઇનામ મેળવતી.!

દહેગામ તાલુકામાં ચોખાનું વિતરણ

ગાંધીનગર, તા. ૩૧

દહેગામ તાલુકામાં દેવકરણના મુવાડામાં ત્રણ ગામોની ૬૫ વિધવા તથા વૃદ્ધ બહેનોને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કર્યુ હતુ. સોમવારે થયેલ આ સેવાકાર્યમાં અમૃતભાઈ, ડૉ. અતુલભાઈ, મિલિંદભાઈ તથા બકુલભાઈ હાજર રહ્યા હતા.

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર ચિલોડા ખાતે ગણેશ ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડામાં ગણેશ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં શાળાના તમામ બાળકોએ ભાગ લઈ સાંસ્કૃતિક અંગે ભારતીય સંસ્કૃતિના રંગે રંગાયા હતા. વિશેષમાં કેજી વિભાગના તમામ બાળકોએ ગણેશ ભગવાનની અવનવી સુંદર મૂર્તિ ઘરેથી બનાવી લાવ્યા હતા જે ખુબ જ જોવા મળે છે. આ ઉત્સવમાં ગણેશ ભગવાનની સ્થાપના, વિસર્જનની સાથે સાથે નાના બાળકોએ પ્રાસંગિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સીટીપલ્સ થીયેટરથી રાંદેસણ ગામમાં જવાના મેઈન રોડ ઉપરનો આ ભુવો ૧૦ દિવસથી પડ્યો છે. વહીવટીતંત્રની બેકાળજીનો નમૂનો છે. દસ દસ દિવસના વ્હાણાં વાયાં પણ હજુ ભૂવો એમનો એમ જ છે.

મેજર ધ્યાનચંદની સ્મૃતિમાં સેવન સાઈડર હોકી સ્પર્ધાનું આયોજન

ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ રાષ્ટ્રીય ખેલ દિવસ અને મેજર ધ્યાનચંદના જન્મદિવસ પર શુરુ કરવામાં આવેલી ફીટ ઇન્ડિયા મૂવમેન્ટ અંતર્ગતને ધ્યાનમાં રાખી મેજર ધ્યાનચંદની સ્મૃતિમાં સેવન સાઈડર હોકી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેનાં ઉદ્‌ઘાટન પ્રસંગે રાષ્ટીય સેવ યોજનાનાં રાજ્ય એન એસ એસ અધિકારી શ્રે આર આર પટેલ અને શ્રી બી.જી. પટેલ મુખ્ય વહીવટી અધિકારી ઉચ્ચ શિક્ષણ વિભાગ હાજર રહ્યા હતા સ્પર્ધામાં ભાઈયોની ચાર ટીમો એટેલે સરદાર ગૃહ, પ્રતાપ ગૃહ, શિવાજી ગૃહ અને સુભાષ ગૃહ ભાગ લાધો હતો જયારે બહનોનાં બે ટીમો લક્ષ્મી ગૃહ અને અહલ્યા ગ્રુહની ટીમોએ આ સેવન સાઈડર હોકી સ્પર્ધામાં ભાગ લીધો હતો આ ફીટ ઇન્ડિયા મુવમેન્ટ અન્તર્ગત આયોજિત સ્પર્ધામાં ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધીનો, શારીરિક શિક્ષણ સંસ્થાના ડીનશ્રી જગદીશ ચંદ્ર સાવલિયા અને અન્ય અધ્યાપકોનો અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટનો સિંહ ફાળો રહેલો છે કાર્યક્રમનું સંચાલન આંતર ગૃહ સ્પર્ધા સમિતિનાં કન્વીનર શ્રી રાજન રાવલે અને વિશાલ મકવાણા કર્યું હતું જયારે આભાર વિધિ સુશ્રી કુંદન માકાણી અને વૈશાલી માડમએ કરી હતી

રીલાયન્સ ચોકડી પાસે પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષની ઘટના

શંભુ કેફેબારમાં ૬ શખ્સોએ તોડફોડ કરી

હોટલના કારીગરને તલવારનો ઘા મારતા કપાળના ભાગે ઈજા, ઈજાગ્રસ્ત કારીગર સિવિલમાં સારવાર હેઠળ, રૂપીયાની ઉઘરાણી મુદ્દે ફોર્ચ્યુનરમાં આવેલા શખ્સોએ હોબાળો મચાવ્યો, સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ

ગાંધીનગર, તા.૩૧

ન્યું ગાંધીનગરના રીલાયન્સ ચોકડી પાસે પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષમાં આવેલા શંભુ કેફેબારમાં ગઈરાત્રીએ ૬ અજાણ્યા શખ્સોએ તોડફોડ કરી ખૌફ ફેલાવ્યો હતો. મોંઘીદાટ ગાડીમાં ઘાતક હથીયારો સાથે આવેલા શખ્સોએ રૂપીયાની લેતીદેતીમાં કાફેબારમાં નુકશાન કરી સોરઠ કાઠીયાવાડી ઝાયકો નામની રેસ્ટોરન્ટના કારીગરને તલવારનો ઘસરકો પાડી હોબાળો મચાવી નાસી ગયા હતા. બનાવ અંગે શંભુ કાફેબારના અફઝલ મન્સુરીએ ઈન્ફોસીટી પોલીસ મથકે રાઘવ મહેતા, ભરત રબારી અને હરી રબારી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હવે ગાંધીનગર શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. અસામાજીક તત્વોને કાયદાનો ડર રહ્યો ન હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં હત્યા, લુંટ, ચોરી, ઘરફોડ, સહિત વાહનચોરીના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ગઈરાત્રીએ ગાડીમાં આવેલા શખ્સોએ શંભુ કેફેબારમાં પૈસાની લેતી-દેતી મામલે તોડફોડ કરી ભય ફેલાવતા સ્થાનિક વેપારીઓ અને ગ્રાહકો પણ ડરી ગયા હતા. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૮ ખાતે રહેતો અફઝલ લાલભાઈ મનસુરી રીલાયન્સ ચાર રસ્તા પાસે પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષમાં શંભુ કેફેબાર ચલાવે છે. ગઈરાત્રીએ શંભુ કેફેબાર પાસે બહાર અફઝલ ઉભો હતો. તે સમયે અગીયાર વાગ્યાના અરસામાં અફઝલને ફોન કરી હરી રબારી નામના શખ્સે ફોન કરી ગાળાગાળી કરી દર્શનસિંહ ઉર્ફે ગોપીના રૂપીયા આપી દેવા નહીતર જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ થોડીવારમાં ભરત રબારીએ ફોન કરી ગાળાગાળી કરી દર્શનસિંહના રૂપીયા આપી દેવા ધમકી આપતા અફઝલે ફોન કટ કરી દીધો હતો. ધમકીઓને પગલે અફઝલ ગભરાઈને કેફેબારથી રવાના થઈ ગયો હતો. જયારે થોડા સમય પછી કાળા કલરની ફોર્ચ્યુનર ગાડી નં. (જી.જે.૧૮.બી.ક્યું - ૧૩૧૨) માં છ શખ્સો શંભુ કેફેબાર પર આવી પહોંચ્યા હતા. પરંતુ અફઝલ ન મળતા ઉશ્કેરાયેલા શખ્સોએ કેફેમાં તોડફોડ કરી ભય ફેલાવ્યો હતો.

તે સમયે બાજુમાં આવેલી ધ કન્ટ્રી વોક નામની દુકાન ચલાવતા જીમેશે ફોન કરીને અફઝલને કહ્યું કે તારા કેફેબાર પર કેટલાક શખ્સો આવીને જાહેરમાં ગાળો બોલી તોડફોડ કરી રહ્યા છે. અફઝલે તેના મોબાઈલમાં કેફેબારના સીસીટીવી કેમેરા ચાલુ કરી જોતા હરી રબારી, ભરત રબારી, અને રાઘવ મહેતા સહિત છ જેટલા શખ્સો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી અફઝલ ગભરાઈ જતા કેફેબાર પર ગયો ન હતો. ત્યારે થોડીવારમાં કેફેબાર પાસે આવેલી ઝાયકો કાઠીયાવાડી રેસ્ટોરન્ટના જય પટેલે ફોન કરીને અફઝલને કહ્યું હતું કે તને મારવા માટે આવેલા શખ્સોએ મારા સ્ટાફના કારીગર આબીદઅલી ખાદીમહુસેન નાગલપરાને તલવાર મારી છે. જેને લઈને હું સિવિલ હોસ્પિટલ જાવ છું. જેથી અફઝલ ગાંધીનગર સિવિલ ખાતે પહોંચી ગયો હતો. જયારે બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ ઘટના સ્થળે દોડી પહોંચી હતી. પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તેમને પકડી પાડવા માટે ગતિવિધી તેજ કરી છે.

સેકટર-૭ પોલીસ મથક વિસ્તાર વાહનચોરી માટે ફેવરીટ

સિવિલમાંથી રીક્ષા, સેકટર-૭ માંથી બુલેટ અને સેકટર-૧૩ માંથી પલ્સરની ચોરી : વાવોલ નારાયણ નગર પાસેથી ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના કિસ્સા રોજ સામે આવે છે. શહેરમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. વાહનચોર ટોળકી સિફતપૂર્વક વાહનચોરીને અંજામ આપી નીકળી જાય છે. ત્યારે પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરીના બનાવ અટકવાનુ નામ લેતા નથી. ત્યારે સેકટર-૭ પોલીસ મથક વિસ્તાર વાહનચોરી માટે ફેવરીટ બનતુ જાય છે. સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં સિવિલમાં જુની કેન્ટીન પાસેથી રીક્ષા, સેકટર-૭ બરોડા ગ્રામીણ બેંક પાસેથી બુલેટ અને સેકટર-૧૩ સી માંથી પલ્સર બાઈકની ચોરી થઈ છે. વાહનચોરી તો ઠીક ચોર શખ્સો વાવોલ નારાયણ નગર પાસેથી પાર્ક કરેલી ઈકો કારનું સાયલેન્સર ચોરી કરી પલાયન થઈ ગયા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૬ નાગરીક બેંક પાસેના છાપરા વિસ્તારમાં રહેતા ફરીદ મહમંદ શિકંદરભાઈ શેખ રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ફરીદ શેખની દીકરીને ગત તા.૨૫ ના રોજ તાવ આવતા સિવિલ સારવાર માટે લઈ જતા ડેન્ગ્યુનું નિદાન થતા સારવાર માટે એડમીટ કરી હતી. ત્યારે ફરીદ શેખ ઘરે થી સિવિલ આવન જાવન કરતો હતો. ગત તા.૨૮ ના રોજ બપોરે ૪ કલાકે રીક્ષા નં. જી.જે.૧૮.એ.વી.-૬૯૨૫ સિવિલમાં જુની કેન્ટીન પાસે રીક્ષા પાર્કિંગમાં પાર્ક કરી ફરીદ શેખ દિકરીને ચા નાસ્તો આપવા માટે ગયો હતો. ચા-નાસ્તો આપી સાંજના ૫ કલાકે પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી. રીક્ષા અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા આજદિન સુધી મળી આવી નથી. ત્યારે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૨૫ હજારની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે શહેરના સેકટર-૭ ડી બરોડા ગ્રામીણ બેંક પાસે શોંપીગ સેન્ટરમાં પાર્ક કરેલા બુલેટની ચોરી થઈ છે. યુવકે પેટ્રોલ ખાલી થઈ જતા ગઈરાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં બુલેટ નં. જી.જે.૦૧.પી.ડબલ્યું-૭૯૬૭ પાર્ક કરી મિત્રની સાથે ગાડીમાં બેસીને જમવા માટે ગયા હતા. યુવક જમીને રાત્રીના અઢી વાગે આવીને જોયુ તો સેકટર-૭ બરોડા ગ્રામીણ બેંક પાસે લીમડાના ઝાડ નીચે પાર્ક કરેલુ બુલેટ ન હતું. બુલેટની ચોરી અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી ન આવતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. જયારે સેકટર-૧૩ બી માં ઘર પાસે પાર્ક કરેલા પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. શહેરના સેકટર-૧૩ બી ખાતે રહેતા જય સકસેના અમદાવાદની કોલેજમાં ફીઝીયોથેરાપીસ્ટનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. હાલ જય પરિવાર સાથે રહે છે.ત્યારે તે પોતાના માટે પલ્સર બાઈક નં. જી.જે.૧૮.ડી.એફ.-૧૫૦૫ નો ઉપયોગ કરે છે. ગતા તા.૨૯ ના રોજ રાત્રીના સાડા અગીયાર વાગે ઘર પાસે પાર્ક કરેલુ બાઈક બીજા દિવસે સવારે ૯ વાગે બહેનને મુકવા જવાનું હોવાથી જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે રૂ.૫૦ હજારની કિંમતના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. વાવોલ નારાયણ નગર નજીક પાંડવ ફાર્મમાં રહેતા કાળુભાઈ ભેમાભાઈ ઓસનિયા પોતાના પરિવાર સાથે રહે છે અને પાલજ ખાતે નવા બની રહેલા મકાનમાં કડીયાકામ કરે છે. ત્યારે કાળુભાઈએ જમાઈની ઈકો ગાડી નં. જી.જે.૩૫.એચ.-૭૫૮૬ પોતાના ઉપયોગ માટે રાખી હતી. ત્યારે ગત તા.૨૯ ના રોજ ઈકો લઈ પાલજ કડીયાકામ માટે ગયા હતા અને સાંજે સાતવાગે પાંડવ ફાર્મ આવેલી ઓરડી પાસે ઈકો પાર્ક કરી પરિવારના સભ્યો સુઈ ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારે બસમાં બેસીને કાળુભાઈ ધરોઈ જઈ રહ્યા હતા.તે સમયે તેઓને ફોન આવ્યો હતો અને ઈકો સાયલેન્સરની ચોરીની જાણ થઈ હતી. જેને પગલે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પુન્દ્રાસણ ગામે વેચી મારેલી જમીન પર ગેરકાયદેસર કબ્જો કરી ખેતરમાં ધાબાવાળુ ઘર બનાવી દીધુ

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગરના પુન્દ્રાસણ ગામની જમીન વર્ષ ૨૦૧૮માં અમદાવાદના પ્રભુદાસ બબાભાઈ પટેલે રૂ.૯.૯૮ લાખ ચુકવી વેચાણ રાખી હતી. જે તે સમયે ખેતરમાં વાવેતર હોવાથી સિઝન પુરી થઈ ગયા પછી જમીનનો કબ્જો આપવા માટે કહ્યું હતું. પરંતુ જમીનનો કબ્જો નહી આપી વધુ નાણા પડાવવા માંગતા હોવાથી થાય તે કરી લેવાની ધમકી જમીન માલિકને આપતા હતા. ત્યારબાદ જમીન માલિકની જાણ બહાર ગેરકાયદેસર પ્રવેશ કરી પાકુ ધાબાવાળુ મકાન બનાવી દેતા જમીન માલિકે ચાર સામે લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પુન્દ્રાસણ ગામના ખાતા નં. ૬૦૪ સર્વે નં.-૪૦૩ જુના સર્વે નં.૩૪૧ ની જમીન ખેડુતો મેલાજી સવધાનજીના વારસદારો શારદાબેન મેલાજી તેમના દિકરા ચિનુજી મેલાજી, સોમાજી મેલાજી અને વિક્રમ મેલાજી પાસેથી પ્રભુદાસ પટેલે રૂ.૯.૯૮ લાખમાં કબ્જા સહિતના વેચાણ દસ્તાવેજ નં.૧૫૦૦-૨૦૧૮ તા.૨૪-૧-૧૮ થી વેચાણ લીધી હતી. જમીન લીધી તે સમયે વાવેતર કરેલુ હોવાથી તે સીઝન પુરી થઈ ગયા પછી જમીનનો કબ્જો સોંપવા માટે જણાવ્યું હતું. પરંતુ પુન્દ્રાસણ ગામની જમીન પર ગેરકાયદેસર કબ્જો ચાલુ રાખી વધુ પૈસા પડાવવાના આશયથી જમીનમાં ધાબાવાળુ પાકું મકાન પણ ઉભુ કરી દીધુ છે. ત્યારે જમીન માલિકે આ મામલે કાન્તાબેન, ગંગીબન કમાજી ઠાકોર, વિષ્ણુજી કમાજી ઠાકોર અને દશરથજી કમાજી ઠાકોર સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

પીઆઈયુ એન્જીનીયર્સ દ્વારા પગાર વધારા માટે આરોગ્ય મંત્રીને આવેદન

ગાંધીનગર,તા.૩૧

પીઆઈયુ અન્જીનીયર્સ એસોસીએશન દ્વારા પગાર વધારાની માંગ સાથે રાજયના આરોગ્ય મંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.

આરોગ્ય વિભાગના પીઆઈયુમાં ઈજનેર તરીકે ફરજ બજાવતા અધિકારીઓ દ્વારા પગાર વધારા, કાયમી કર્મચારીના લાભ તેમજ બઢતી જેવી માંગણીઓ છેલ્લા કેટલાક સમયથી સરકારમાં પડતર પડેલી છે. પીઆઈયુ એન્જીનીયર્સની વારંવાર રજુઆત છતા આજદિન સુધી કોઈ યોગ્ય નિકાલ આવ્યો નથી. પીઆઈયુના એન્જીનીયર્સની પગાર વધારાની માંગ સાથેની ફાઈલ કેટલાક સમયથી એક વિભાગમાંથી બીજા વિભાગમાં ફરે છે. ત્યારે વર્ષોથી પીઆઈયુમાં ફરજ બજાવતા એન્જીનીયર્સને માત્ર માસિક રૂ.૧૮ હજારના પગારથી કામ કરવુ પડે છે. હાલ ઈજનેર કરતા કારીગરની હાજરી ગણી એ તો કારીગરની માસિક આવક વધી જાય છે. તેમ છતા પીઆઈયુના ઈજનેર નિષ્ઠાપુર્વક ફરજ બજાવી રહ્યા છે. કોરોના ની વૈશ્વિક મહામારી,વાવાઝોડા જેવી ગંભીર પરિસ્થિતિમાં પણ આરોગ્યની સેવાને અસર ન પહોંચે તે માટે ઈજનેરો કામ કરી રહ્યા છે. ત્યારે રાજય સરકાર દ્વારા પીઆઈયુ એન્જીનીયર્સ (હેલ્થ) માં કામ કરતા ઈજનેરના પગારમાં વધારો કરવામાં આવે અને બીજી અન્ય પડતર માંગણીઓનો સત્વરે ઉકેલ લાવવામાં આવે તે માટે આરોગ્ય મંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે.

ખૂણેખાંચરેથી

- આજે ગણેશ ચતુર્થીની જાહેર રજાના દિવસે પણ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- રાજ્યના ૪ હજાર ગામોમાં ફ્રી વાઈફાઈ સેવા માટે સરકારે સંકલ્પ કર્યો છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૫૫ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- રાજ્યના વિકાસ કમિશનર દ્વારા આજે સાંજે વિડીયો કોન્ફરન્સ યોજી પંચાયતની વિવિધ બાબતો અંગે સમીક્ષા કરશે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૪ ડિગ્રી નોંધાયો છે પરંતુ ૪૨ ડિગ્રી ગરમી હોય તેવો અહેસાસ થતો હતો.
- ગાંધીનગરમાં આજે લોકોએ ઘરે રહેવાનું વધુ પસંદ કર્યુ હતું.
- ગાંધીનગર શહેરમાં ઝેરી મેલેરિયાના કેસો વધવા પામ્યા છે.
- ગાંધીનગર શહેરમાં મોલોમસીનો ઉપદ્રવ પણ વધવા પામ્યો હોય દ્વિચક્રી વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે.
- ગાંધીનગર શહેરમાં વન વિભાગની ફેન્સીંગ કરાયેલી જગ્યામાં ઘાસચારો ઉગી નીકળ્યા પછી તેની સફાઈ ન થતાં નગરજનોમાં રોષની લાગણી જન્મી છે.
- રાજ્ય સરકારે ૧૨ જેટલા એડિશનલ કલેક્ટરોને સુપર ટાઈમ સ્કેલ આપતા હુકમો જારી કર્યા છે.
- ૨૦૧૯ની બેચના ત્રણ સનદી અધિકારીઓને આસિ. કલેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુનો એક પણ કેસ નોંધાયો નથી.

આઝાદી અમૃત મહોત્સવ
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૫ કરોડ જનસંખ્યાને સપ્ટેમ્બર-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સપ્ટેમ્બર મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૦૯.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.

NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

ક્રમ	આવશ્યક ચીજવસ્તુ	કેટેગરી	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા
૧	ઘઉં	અંત્યોદય કુટુંબો	કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા	૨.૦૦
૨		અગ્રતા ધરાવતા કુટુંબો	વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા	
૩	ચોખા	અંત્યોદય કુટુંબો	કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા	૩.૦૦
૪		અગ્રતા ધરાવતા કુટુંબો	વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા	
૫	તુવેરદાળ	અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા	૫૦.૦૦
૬	ખાંડ	અંત્યોદય કુટુંબો	૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા	૧૫.૦૦
૭		બીપીએલ કુટુંબો	વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા	૨૨.૦૦
૮	ડબલ ફોર્ટિફાઇડ સોલ્ટ	અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા	૧.૦૦

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

રાજ્યના NFSA હેઠળ સમાવિષ્ટ તમામ ૩.૪૫ કરોડ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૧ સપ્ટેમ્બરથી કરવામાં આવશે

ક્રમ	કેટેગરી	આવશ્યક ચીજવસ્તુ	મળવાપાત્ર જથ્થો	ભાવ
૧	અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)	ઘઉં	વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા	વિનામૂલ્યે
		ચોખા	વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા	વિનામૂલ્યે

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી પોતાના હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી, પોતાની ઓળખ આપી, અન્ન પુરવઠો મેળવી શકશે

"અન્નબ્રહ્મ યોજના"

રેશનકાર્ડ ન ધરાવતા, ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ, અત્યંત ગરીબ/અશક્ત, નિરાધાર વ્યક્તિ, પરપ્રાંતિય શ્રમિકો, હોસ્પિટલના બિછાને પડેલ જરૂરિયાતમંદ દર્દી અને અનાથ બાળકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાનાં હેતુસર વ્યક્તિદીઠ ૧૦ કિલો ઘઉં તથા ૫ કિલો ચોખા રાજ્ય સરકારની "અન્નબ્રહ્મ યોજના" હેઠળ વિનામૂલ્યે મળવાપાત્ર છે

MY RATION Mobile Application

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, આપે મેળવેલ જથ્થો, બીલની રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.